# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૫ તા.૮-૨-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- રોડ સેફટી પ્રોજેકટના અમલીકરણ બાબતે.**

**સંદર્ભ :- નં.પીઆરઓ/આરટીઓ/અમદાવાદ/ઓન પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરીનો તા.૩-૨-૧૭નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ગુજરાત સરકાર વાહન વ્યવહાર વિભાગ તરફથી રોડ સેફટી પ્રોજેકટ અમલી કરવામાં આવેલ છે. શાળાકીય તાલીમ માટે નિષ્ણાંત એજન્સી ઈએમઆરઆઈની પસંદગી કરવામાં આવેલ છે. સદરહુ એજન્સી રોડ એન્ડ સેફટી વિષય પર તાલીમ આપવા તેમજ માહિતીનું આદાન પ્રદાન કરવા તમારી શાળા મુલાકાતે EMRI એજન્સીની ખાતરી-ઓળખ કરી આપની શાળાના ધો.૪ થી ૮નાં બાળકોને રોડ સેફટી તથા ટ્રાફિક અવેરનેશની બાબતે શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે રીતે દરેક શાળા પોતાની અનુકુળતાએ શાળાદીઠ ૪૫ મિનીટનો સમય ફાળવે. આ માટે એજન્સીએ અગાઉ શાળામાં આવી મુખ્ય શિક્ષક સાથે ચર્ચા-પરામર્શ કરવાની રહેશે. જેની નોંધ લેવી.

તા.૮-૨-૧૭ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી

પરિપત્ર નં.૧૫૬ તા.૮-૨-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-૧૦ મી ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ નેશનલ ડી વોર્મિંગ ડે (NDD) ઉજવવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષયે જણાવવાનું કે, આયર્ન બાળકોના માનસિક અને શારિરીક વિકાસ માટે ખુબ જ અગત્યનું સુક્ષ્મ પોષક તત્ત્વ છે. વધુમાં બાળકોને કૃમિનો ચેપ લાગે તો શરીરમાં આયર્નની ઉણપ(પાંડુરોગ) થાય છે. તેથી જો બાળકને કૃમિનાશક દવા આપવામાં આવે તો બાળકોમાં પાંડુરોગનું પ્રમાણ ઘટાડી શકાય અને બાળકોની જીવનધોરણની ગુણવત્તામાં વધારો થઈ શકે છે.

ઉપરોકત બાબત ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા દર વર્ષે બે વાર કૃમિનાશક દવા આપવામાં આવે છે. આ માટે દર વર્ષે નેશનલ વોર્મિંગ ડે (NDD) દ્વારા ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને સામુહિક રીતે કૃમિનાશક ગોળી આપવામાં આવે છે.આ વર્ષે પણ તા.૧૦-૨-૧૭ના રોજ નેશનલ ડી વોર્મિંગ ડે અને તા.૧૫-૨-૧૭ના રોજ મોપ-અપ રાઉન્ડનું આયોજન કરેલ છે. જે અંતર્ગત દરેક અર્બન હેલ્થ સેન્ટરના કાર્યક્ષેત્રમાં આવતી તમામ કોર્પોરેશન સંચાલિત શાળાઓનાં જે તે વોર્ડના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફરજ બજાવતા રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમના મેડિકલ ઓફિસર સહિતના સ્ટાફ દ્વારા દરેક શાળા દીઠ બાળકોની યાદી તૈયાર કરવા માટે આપની શાળામાં મુલાકાતે આવશે તો તેમને જરૂરી સાથ સહકાર આપશો. તેમજ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હેલ્થ ટીમ દ્વારા જે કામગીરી સોંપવામાં આવે તે સમયમર્યાદામાં જ દવાઓનો ઉપયોગ કરવા વિદ્યાર્થીઓને તેમજ તેમના વાલીઓને જરૂરી માર્ગદર્શન આપશો.

તા.૮-૨-૧૭ ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી